## <u>અમદાવાદ શહેરનાં મહે. એડિ.ચીફ મેટ્રો.મેજી. સાહેબની કોર્ટ નં.૨૦ સમક્ષ, અમદાવાદ</u>

**<u>ફોજદારી કેસ નંબર : ૪૨/૨૦૧૦</u>**

આ કામનાં આરોપી સામે ઈ.પી.કો.કલમ–૩૨૩,૨૯૪(ખ),૪૨૭,૧૧૪ મુજબના ગુનાનો આરોપ છે. તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે. તેઓની રજુઆતછે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને આર્થિક પરિસ્થિતિ સારી નથી. ગુના બદલ તેઓ પસ્તાવો વ્યકત કરે છે અને કુટુંબની તમામ જવાબદારી તેમના ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહીં કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતા તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિં કરે તેની ખાત્રી આપી, રહેમ કરવા રજુઆત કરેલ છે.

આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજુઆત તથા કબુલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતા તેમજ <u>ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧)જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત–વિરૂધ્ધ – નટવર હરીશ્ચન્દ્રજી ઠાકોર</u> ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા રાખતા, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા આરોપીને હળવી તથા ઓછી સજા કરવા માટેના વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાઈ તેમ હોઈ, ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

:: <u>હુ ક મ</u> ::

૧. આ કામના તમામ આરોપી ને ક્રિ.પ્રો.કો.કલમ :૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪ (ખ), ૪૨૭,૧૧૪ મુજબનાં ગુના માટે તકસીર વાર ઠરાવી ઈ.પી.કો.કલમ–૨૯૪(ખ) મુજબ દંડની રકમ રૂા. ૫૦૦/ તથા ઈ.પી. કો.કલમ–૩૨૩ મુજબ દંડની રકમ રૂા.૧,૦૦૦/– તથા ઈ.પી.કો. કલમ –૪૨૭ ના ગુના માટે રૂા. ૧,૦૦૦/– એમ તમામ કલમો અંગે સંયુકત રીતે કુલ રૂા. ૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા)નો દંડ પ્રત્યેક આરોપી તરફે અત્રેની કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦(દસ)ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૧૨/૨૦૨૪
અમદાવાદ

**( દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ )**
GJ00925
૯ મા એડિશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર,(કોર્ટ નંબર ૨૦)